# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-01-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મરીન ટાસ્ક ફોર્સ-ખાસ ડ્રાઈવ:

દરિયાકાંઠાના વિસ્તારોમાં તકેદારીના ભાગરૂપે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા અબડાસા તાલુકાના જખૌ સહિતના વિસ્તારોમાં ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. સીમા સુરક્ષા અને લોક જાગૃતિ કેળવવાના હેતુથી જખૌ સેક્ટરમાં DYSP આર.એમ. ચૌધરીના નેતૃત્વમાં મરીન કમાન્ડો ટીમે સઘન કોમ્બિંગ હાથ ધર્યું છે. શંકાસ્પદ બોટો, ગ્રામ્ય વિસ્તારો અને જેટી વિસ્તારોમાં પણ સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગ્રામજનો સાથે શંકાસ્પદ વ્યક્તિઓ અને ડ્રગ્સ જેવા કેફી પદાર્થોની હેરાફેરી જેવા ગંભીર વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. તેમને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ અંગે જરૂરી મદદ કરવા અને જાણ કરવા અપીલ કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------------------------

## બજેટ અંગે ગાંધીધામમાં સંવાદ સત્ર:

આગામી કેન્દ્રિય બજેટ-2026 માં કચ્છના વ્યાપારિક અને ઔદ્યોગિક હિતોને વાચા આપવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે એક મહત્વપૂર્ણ 'સંવાદ સત્ર' યોજાયું હતું.

કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી તેમજ વિવિધ ક્ષેત્રના ઉદ્યોગપતિઓએ ભાગ લઈ પોતાના સૂચનો રજૂ કર્યા હતા. આ ઉપરાંત બેંક લોન પ્રક્રિયામાં સરળતા, સોલ્ટ ઉદ્યોગ અને પોર્ટ આધારિત ઉદ્યોગોના જટિલ પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે સાંસદ શ્રી ચાવડાએ જણાવ્યું કે, બજેટમાં ગ્રાઉન્ડ લેવલની વાસ્તવિકતા અને સમસ્યાઓનો સમાવેશ કરવા માટે યોજાયેલા આ સંવાદમાં ગાંધીધામ ચેમ્બર જેવા સક્રિય સંગઠનો દ્વારા મળેલા સૂચનોને જવાબદારીપૂર્વક સંબંધિત મંત્રાલયો સમક્ષ રજૂ કરાશે.

---

## રોગાન કળાના કસબીને એવોર્ડ:

કચ્છની જાણીતી રોગાન કલાને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના અપાવનાર નિરોણાની કલાના બુઝુર્ગ કસબી આરબ હાસમ ખત્રીની વર્ષ 2024ના આંતરરરાષ્ટ્રીય લાઇફટાઇમ એચિવમેન્ટ ઇન્ટરનેશનલ ક્રાફ્ટ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. સમગ્ર જીવનકાળ દરમ્યાન કોઇપણ ક્ષેત્રમાં કરવામાં આવેલા નોંધપાત્ર યોગદાન અને સિદ્ધિઓ માટે આ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. જે અંતર્ગત દિલ્હીની વિલેજ ક્રાફ્ટ સંસ્થાની ખાસ આંતરરાષ્ટ્રીય પસંદગી સમિતિ દ્વારા નિરોણાની રોગાન કલામાં સમગ્ર જીવન સમર્પિત કરનાર 67 વર્ષીય ખત્રી આરબ હાસમની વર્ષ 2024ના પુરસ્કાર માટે પસંદગી કરી છે.

---

## વન વિભાગ:

ભુજ શહેરના એરપોર્ટ નજીક આશાપુરાનગરમાં પશ્ચિમ કચ્છ વનવિભાગની ટીમે દરોડો પાડીને 30થી વધુ હથિયાર સહીત વન્યપ્રાણીઓના અવશેષો જપ્ત કરી ધાક બેસાડતી કાર્યવાહી કરી હતી.

મળતી વિગતો મુજબ, બાતમીના આધારે વનપાલ અને વનરક્ષક સહીત 14 કર્મચારીઓની ટીમ બનાવી આ દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ઉચ્ચ ગુણવતાની બે એરગન સહીત નાનાં-મોટાં ચાકુ, છરી, ભાલા, કુહાડી, ટોર્ચ સહીત શિકારમાં ઉપયોગમાં લેવાયેલા 30થી વધુ હથિયારો અને વિવિધ સાધનો મળી આવ્યાં હતા, આ સાથે વન્ય જીવોના અંગોના અવશેષો મળી આવ્યાં હતા.

આરોપી વિરુદ્ધ પશ્ચિમ કચ્છ વનવિભાગે શિકાર સહીત વિવિધ ભારે કલમો તળે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972ની હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

---------------------------------------------------------------------------------------------------

## રોજગાર ભરતી મળો:

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, કચ્છ દ્વારા ભુજની આર. આર. લાલન કોલેજ ખાતે આવતીકાલે કલસ્ટર કક્ષાના રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયુ છે. આ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રના ૨૫ થી વધુ નામાંકિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે. જે માટે નોકરીદાતાઓ દ્વારા ૭૫૦ થી વધુ ખાલી જગ્યાઓ નોંધાવવામાં આવી છે. ધોરણ 10-12, આઈ.ટી.આઈ., ડિપ્લોમા તેમજ ગ્રેજ્યુએટ ઉમેદવારો આમાં ભાગ લઈ શકે છે. રોજગાર વાચ્છું ઉમેદવારો એ પોતાના શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો અને બાયોડેટા(રિઝ્યુમ) સાથે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------------

## ઠંડીનો પ્રકોપ:

સરહદી જિલ્લા કચ્છમાં કાતિલ ઠંડીના પ્રકોપને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ઉત્તર ભારતના પવનોની સીધી અસરને પગલે જીલ્લાના વિવિધ શહેરોના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને પરોઢે કાતીલ ઠંડી અનુભવાઇ રહી છે તો રાત્રે રસ્તાઓ સુમસામ દેખાઈ રહ્યા છે.

હવામાન વિભાગના આંકડાઓ મુજબ, અબડાસાનું મુખ્ય મથક નલિયા રાજ્યના સૌથી ઠંડા શહેર તરીકે જારી રહ્યું છે. નલિયામાં લઘુતમ તાપમાન 7 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. જોકે, દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે મહત્તમ તાપમાન 28 ડિગ્રી સુધી રહ્યું હતું. જિલ્લા મથક ભુજમાં પણ ઠંડીનું જોર યથાવત રહેતાં લઘુતમ તાપમાન 11 ડિગ્રી અને મહત્તમ 28 ડિગ્રી નોંધાયું હતું. અંજાર-ગાંધીધામ પંથકને આવરી લેતા કંડલા એરપોર્ટ વિસ્તારમાં લઘુતમ તાપમાન 11 ડિગ્રી નોંધાયું છે. દરિયાકાંઠાના વિસ્તાર એવા કંડલા પોર્ટ પર ન્યૂનતમ 14 ડિગ્રી નોંધાયું હતું.

દરમ્યાન, સતત વધતી ઠંડીને કારણે લોકો ગરમ વસ્ત્રો અને તાપણાંનો સહારો લઈ રહ્યા છે. વહેલી સવારે ધુમ્મસભર્યા વાતાવરણને કારણે વાહનવ્યવહાર પર પણ અસર જોવા મળી રહી છે.

કડકડતી ઠંડીની અસર પશુઓના દૂધ ઉત્પાદન પર પડી રહી છે તો સાંજ પછી અઘોષિત કર્ફ્યું જેવો માહોલ થઇ જવાને કારણે વેપાર-ધંધા પર પણ સીધી અસર પડી રહી છે. જીલ્લાના વિવિધ વિસ્તારોમાં શરદી, ઉધરસ અને તાવના કેસોમાં ઉછાળો આવ્યો છે. સ્થાનિક દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસ ઠંડીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. પવનની ગતિમાં ફેરફાર ન થાય ત્યાં સુધી લઘુતમ તાપમાનમાં વધારો થવાની આશા ઓછી છે.

---